.

**આદિજાતિ વિકાસ વિભાગ હેઠળના વિવિધ કુલ ૧૦ (દસ) સરકારી છાત્રાલયોના મકાન બાંધકામ કરવા અંગેની સને ૨૦૨૪-૨૫ના અંદાજપત્રની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.**

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: TDD/CHTL/e-file/25/2023/1743/G
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણમાં લીધા:-**

(૧) કમિશનરશ્રી (આ.વિ), ગાંધીનગરનો તા.૧૦/૧૨/૨૦૨૩નો પત્ર નં.DOTD/LGH/e-file/242/2023 /3581/Hostel

**આમુખ:-**

અનુસૂચિત જનજાતિના મોટાભાગના લોકો ઉંડાણવાળા જંગલ વિસ્તારમાં રહેતા હોય છે તેમની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે સારૂ શિક્ષણ મેળવી શકતા નથી. અનુસૂચિત જનજાતિના આવા જરૂરિયાતવાળા બાળકોને રહેવાની અને જમવાની વ્યવસ્થા મળી રહે તે માટે સરકારી છાત્રાલયો શરૂ કરેલ છે. આ છાત્રાલયો પૈકી (૧) સરકારી કુમાર છાત્રાલય, ઉચ્છલ, તા. ઉચ્છલ, જી.તાપી (૨) સરકારી કન્યા છાત્રાલય, ઉચ્છલ, તા.ઉચ્છલ, જી.તાપી (૩)સરકારી કુમાર છાત્રાલય, બોરખલ, તા.આહવા, જી.ડાંગ (૪)સરકારી કન્યા છાત્રાલય, બોરખલ, તા.આહવા, જી.ડાંગ (૫) સરકારી કુમાર છાત્રાલય, મોટાપોંઢા, તા.કપરાડા, જી.વલસાડ (૬) સરકારી કન્યા છાત્રાલય, હાલોલ, તા.હાલોલ, જી.પંચમહાલ (૭) સરકારી કન્યા છાત્રાલય, જુનાગઢ, તા.જી.જુનાગઢ (૮) સરકારી કન્યા- ૧ અને ૨ છાત્રાલય, આણંદ, તા.જી.આણંદ (૯) સરકારી કન્યા છાત્રાલય, ભાવનગર, તા.જી.ભાવનગર (૧૦) સરકારી કુમાર છાત્રાલય, ભાવનગર, તા.જી.ભાવનગર માટે એમ કુલ મળીને ૧૦ સરકારી છાત્રાલયોના મકાન બાંધકામ કરવા માટે કમિશનરશ્રી(આ.વિ.) દ્વારા કુલ મળીને રૂ.૧૬૧.૯૫ કરોડના નકશા અને અંદાજોની સૂચિત જોગવાઈ સામે પ્રથમ વર્ષ માટે ૩૩.૩૩% પ્રમાણે કુલ મળીને રૂ.૫૩.૯૬ કરોડની જોગવાઈ કરવા અંગેની નવી બાબતની આગામી વર્ષ ૨૦૨૪-૨૫નાં અંદાજપત્રમાં સમાવેશ કરવા વંચાણમાં લીધેલ ક્રમાંક (૧) સામેના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે, આ વિભાગ હેઠળના નીચે પત્રકમાં દર્શાવેલ કુલ ૧૦ સરકારી છાત્રાલયોના મકાન બાંધકામ માટે કોલમ નં.૩ મુજબનાં નકશા અંદાજોની રકમની સામે કોલમ નં.૪ મુજબના પ્રથમ વર્ષ માટે ૩૩.૩૩% પ્રમાણેની રકમની નવી બાબતનો કોલમ નં.૫ મુજબના બજેટ સદર હેઠળ સને ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | છાત્રાલયનુ નામ | જોગવાઈ રૂ. કરોડમાં | | બજેટ સદર |
|---|---|---|---|---|
| | | કુલ રકમ | પ્રથમ વર્ષ માટે ૩૩.૩૩% મુજબ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | સરકારી કુમાર છાત્રાલય, ઉચ્છલ, તા.ઉચ્છલ, જી.તાપી માટે મકાન બાંધકામ કરવા બાબત | ૧૮.૩૬ | ૬.૧૨ | 96-4225-02-796-42-VKY-51 |
| ૨ | સરકારી કન્યા છાત્રાલય ઉચ્છલ, તા.ઉચ્છલ, જી.તાપી માટે મકાન બાંધકામ કરવા બાબત | ૧૮.૩૬ | ૬.૧૨ | 96-4225-02-796-42-VKY-51 |
| ૩ | સરકારી કુમાર છાત્રાલય, બોરખલ, તા.આહવા, જી.ડાંગ માટે મકાન બાંધકામ કરવા બાબત | ૧૬.૬૮ | ૫.૫૬ | 96-4225-02-796-42-VKY-51 |
| ૪ | સરકારી કન્યા છાત્રાલય, બોરખલ,તા.આહવા, જી.ડાંગ માટે મકાન બાંધકામ કરવા બાબત. | ૧૬.૦૩ | ૫.૩૪ | 96-4225-02-796-42-VKY-51 |

Signature Not Verified
Signed by: J D Damor
Section Officer
Date: 2024.03.11
12:30:33 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | સરકારી કુમાર છાત્રાલય, મોટાપોંઢા, તા.કપરાડા, જી.વલસાડ માટે મકાન બાંધકામ કરવા બાબત. | ૧૫.૪૦ | ૫.૧૩ | 96-4225-02-796-42-VKY-51 |
| ૬ | સરકારી કન્યા છાત્રાલય, હાલોલ, તા.હાલોલ, જી.પંચમહાલ માટે મકાન બાંધકામ કરવા બાબત. | ૭.૨૧ | ૨.૪૧ | 93-4225-03-277-01-VKY-57 |
| ૭ | સરકારી કન્યા છાત્રાલય, જુનાગઢ,તા.જી.જુનાગઢ માટે મકાન બાંધકામ કરવા બાબત. | ૭.૩૯ | ૨.૪૪ | 93-4225-03-277-01-VKY-57 |
| ૮ | સરકારી કન્યા- ૧ અને ૨ છાત્રાલય, આણંદ, તા.જી.આણંદ માટે મકાન બાંધકામ કરવા બાબત. | ૫૦.૭૮ | ૧૬.૯૨ | 93-4225-03-277-01-VKY-57 |
| ૯ | સરકારી કન્યા છાત્રાલય, ભાવનગર, તા.જી.ભાવનગરમાટે મકાન બાંધકામ કરવા બાબત. | ૫.૮૭ | ૧.૯૬ | 93-4225-03-277-01-VKY-57 |
| ૧૦ | સરકારી કુમાર છાત્રાલય, ભાવનગર, તા.જી.ભાવનગર માટે મકાન બાંધકામ કરવા બાબત. | ૫.૮૭ | ૧.૯૬ | 93-4225-03-277-01-VKY-57 |
| | **કુલ:** | **૧૬૧.૯૫** | **૫૩.૯૬** | |

<u>શરતો:-</u>

૧. આ સદર હેઠળનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૪ બાદ જ કરવાનો રહેશે.

૨. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણા વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

૩. આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૪. કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનુ રહેશે.

૫. સદર યોજના રાજય સરકારના ફાળા સિવાય બાહ્ય સહાયિત,લોન કે કેન્દ્રીય ફાળાથી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.

૬. C.M Dashboard સાથે યોજના link કરવાની રહેશે.

૭. પારદર્શક પ્રકિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

૮. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૯. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે કમિશનરશ્રી (આ.વિ.)એ તાત્કાલીન પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

૧૦. આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૩/૦૭/૨૦૨૨ના પત્ર ક્ર: અનશ/૨૦૨૦૨૨/૨૨૧/ગ થી મંજૂર કરવામાં આવેલ ટાઈપ ડીઝાઈન (Type Design) (નકલ ત્વરિત સંદર્ભ સારુ સામેલ રાખેલ છે.) મુજબ Unit Cost સક્ષમ કક્ષાએ મંજૂર કરાવીને તે પ્રમાણે જ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવાની રહેશે.

૧૧. યુનિટ કોસ્ટની રકમ વહીવટી મંજૂરી આપવા માટેની છે. પરંતુ ટેન્ડર વહીવટી મંજૂરીની અંદાજિત રકમ કરતાં નીચું આવે તો નાણાકીય ફાળવણી વર્ક ઓર્ડર મુજબ જ કરવાની રહેશે. વર્ક ઓર્ડરની રકમથી વધુની રકમ અથવા વર્ક ઓર્ડરમાં સામેલ કરેલ કોમ્પોનન્ટ સિવાયની વધુ બાબતો લેવાથી વધુ રકમની અમલીકરણ એજન્સી (માર્ગ અને મકાન વિભાગ)ને જરૂર જણાય તો કમિશનરશ્રી (આ.વિ) મારફતે અત્રે દરખાસ્ત કરી જરૂરી મંજૂરી મેળવી લેવાની રહેશે અને મંજૂરી લીધા બાદ કમિશનરશ્રી(આ.વિ) વધારાની નાણાકીય ફાળવણી કરી શકશે.

૧૨. વર્ક ઓર્ડરની રકમ પણ કમિશનરશ્રી (આ.વિ.) દ્વારા બે તબક્કામાં અમલીકરણ એજન્સી (માર્ગ અને મકાન વિભાગ)ને કામની પ્રગતિના આધારે ફાળવણી કરવાની રહેશે.

૧૩. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૧૪. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાયે તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન, પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.

૧૫. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

૧૬. સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની કમિશનરશ્રી (આ.વિ.)એ તકેદારી રાખવાની રહેશે.

૧૭. જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતી સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાંટ રીલીઝ કરવાની કમિશનરશ્રી (આ.વિ)એ તકેદારી રાખવાની રહેશે.

૧૮. આ યોજનાના આયોજન અને અમલીકરણ માટે GIDB (Gujarat Infrastructure Development Board) ના તા.૩૦/૩/૨૦૨૨ના પત્ર મુજબ PM GATI SHAKTI GUJARAT- INTEGRATED MASTER PLAN PORTAL સાથે LINKAGE કરી INTEGRATION COMPLETION CERTIFICATE WITH UNIQUE PROJECT ID મેળવી લેવાનું રહેશે.

૧૯. કમિશનરશ્રી (આ.વિ.)એ સદરહું નવી બાબત માટે મંજુર થયેલ ખર્ચની જોગવાઇ મુજબ સુધારેલ પ્લાન અંદાજો મેળવી લેવાના રહેશે.

૨૦. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી કમિશનરશ્રી (આ.વિ.)ની કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

૨૧. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

૨૨. જમીન સંપાદન/પુન: સ્થાપન કે પુન: વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.

૨૩. આ યોજનાની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.

૨૪. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૫. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

૨૬. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૭. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૮. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.

૨૯. આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૩૦. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩૧. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમયસર પૂર્ણ થાય તે રીતે સમયબધ્ધ નાણાકિય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમય સર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.

૩૨. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૩૩. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩૪. આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

૩૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૩૬. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

૩૭. આ સિવાય અન્ય લાગુ પડતી શરતો અને બોલીઓનું કમિશનરશ્રી (આ.વિ.)એ પાલન કરવાનું રેહશે.

૩૮. બાંધકામને અનુરૂપ માર્ગ અને મકાન વિભાગના પરામર્શમાં (નોર્મ્સ અનુસાર) કરકસરપૂર્વક કમિશનરશ્રી(આ.વિ.) કક્ષાએથી વિગતવાર ચકાસણી કરીને જરૂરિયાત મુજબનું જ ફર્નિચર ખરીદવાનુ રહેશે.

૩૯. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ ઉપરના પત્રકમાં કોલમ નં(૫)મા દર્શાવેલ બજેટ સદર હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૪/૦૩/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(જે.ડી.ડામોર)**
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના:**

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી(આ.વિ.), કમિશનર (આ.વિ)ની કચેરી, બિરસામુંડા ભવન, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- મુખ્ય સ્થપતિ અધિકારીશ્રી (માર્ગ અને મકાન), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી (આ.વિ.વિ), સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી. (કમિશનરશ્રી (આ.વિ)મારફત)
- સર્વે મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, તમામ જિલ્લાઓ (કમિશનરશ્રી (આ.વિ)મારફત)
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ગ્રાન્ટની ફાળવણી બાબતે આ ઠરાવમાં

સૂચવ્યા મુજબની જરૂરી કાર્યવાહી માટે)

- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય,આ.વિ.વિ ની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ
- શાખા સિલેકટ ફાઇલ-૨૦૨૪

Signature Not Verified
Signed by:J D Damor
Section Officer
Date: 2024.03.11
12:30:33 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign